# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# આવતીકાલે તા. ૧૫-૦૭-૨૦૨૨ના રોજથી ૧૮ થી ૫૯ વર્ષના નાગરિકો માટે વિનામૂલ્યે કોરોના વેકસીનનો પ્રિકોશન ડોઝ આપવામાં આવશે

## મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા અને આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી ડૉ. રાજેશ્રીબેન ડોડીયાએ આપેલ માહિતી

તા. ૧૪/૦૭/૨૦૨૨

ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની સૂચના મુજબ આવતીકાલ તા. ૧૫-૦૭-૨૦૨૨ના રોજ થી ૧૮ થી ૫૯ વર્ષ નાં તમામ નાગરિકો માટે કોરોના વેકસીનનો પ્રિકોશન ડોઝ વિનામૂલ્યે આપવાનો શુભારંભ કરવામાં આવનાર છે. જે નાગરિકોએ કોરોના વેકસીનનો બીજો ડોઝ લીધો હોય તેને છ (૬) મહિના પૂર્ણ થયા હોય તે તમામ નાગરિકો પ્રિકોશન ડોઝ લઇ શકશે. ઉપરાંત ૬૦ વર્ષથી મોટી ઉંમરના નાગરિકો પણ કોરોના વેકસીનનો પ્રિકોશન ડોઝ લઇ શકશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબની સેશન સાઈટ ખાતે વેકસીન લેવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમ મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ , સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ , મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા અને આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી ડૉ. રાજેશ્રીબેન ડોડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

**આવતીકાલ સવારે ૧૦:૦૦ વાગ્યે નાનામવા આરોગ્ય કેન્દ્ર ખાતેથી મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ સહિતના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ની ઉપસ્થિતિમાં કોરોના વેક્સીનનાં પ્રિકોશન ડોઝ આપવાનો શુભારંભ કરવામાં આવશે.**

જે સેસન સાઈટ ખાતે વેકસીનનો પ્રિકોશન ડોઝ આપવામાં આવશે તેમાં

1) સિવિલ હોસ્પિટલ

2) પદ્મકુંવરબા હોસ્પિટલ

3) શ્યામનગર આરોગ્ય કેન્દ્ર

4) નંદનવન આરોગ્ય કેન્દ્ર

5) નાનામવા આરોગ્ય કેન્દ્ર

6) મવડી આરોગ્ય કેન્દ્ર

7) આંબેડકરનગર આરોગ્ય કેન્દ્ર

8) શાળા નં. ૨૮, વિજય પ્લોટ

9) સદર આરોગ્ય કેન્દ્ર

10) અખિલ હિન્દ મહિલા પરિષદ આરોગ્ય કેન્દ્ર

11) રામનાથપરા આરોગ્ય કેન્દ્ર

12) ન્યુ રઘુવીર આરોગ્ય કેન્દ્ર

13) હુડકો

14) નારાયણનગર આરોગ્ય કેન્દ્ર

15) જંકશન આરોગ્ય કેન્દ્ર

16) માધાપર આરોગ્ય કેન્દ્ર

17) મોરબી રોડ, કોમ્યુનીટી હોલ

18) ભગવતી પરા આરોગ્ય કેન્દ્ર

19) IMA આરોગ્ય કેન્દ્ર

20) કબીરવન આરોગ્ય કેન્દ્ર

21) રામપાર્ક આરોગ્ય કેન્દ્ર

22) શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર

23) પ્રણામી ચોક આરોગ્ય કેન્દ્ર

24) કોઠારીયા આરોગ્ય કેન્દ્ર

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા